**ખેતી વિષયક વીજ જોડાણમાં વધારાનો વીજભાર વિનિયમિત કરવા માટેની ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના ૨૦૨૨ અમલમાં મુકવા બાબત.**

**ગુજરત સરકાર,**
**ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ,**
**ઠરાવ ક્રમાંક:જીયુવી/૧૯૨૦૨૨/૧૫૬૩/ક૧**
**સચિવાલય,ગાંધીનગર**
**તા:- ૩૦/૦૧/૨૦૨૩**

**વંચાણે લીધા:**

(૧) ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: જીયુવી/૨૦૧૭/૧૦૨૫/ક૧,તા.૦૧/૦૫/૨૦૧૭
(૨) ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: જીયુવી/૨૦૧૭/૧૦૨૫/ક૧,તા.૧૭/૦૫/૨૦૧૭
(૩) ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: જીયુવી/૨૦૧૭/૧૦૨૫/ક૧,તા.૦૩/૦૭/૨૦૧૭
(૪) ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: જીયુવી/૨૦૧૭/૧૦૨૫/ક૧,તા.૧૯/૧૨/૨૦૧૭
(૫) ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: જીયુવી/૨૦૧૭/૧૦૨૫/ક૧,તા.૦૧/૧૧/૨૦૧૮
(૬) ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: જીયુવી/૨૦૧૭/૧૦૨૫/ક૧,તા.૨૧/૦૬/૨૦૧૯
(૭) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. પત્ર ક્રમાંક: GUVNL/DE-૨/VDS-૨૨/૨૩૭૨,તા.૨૯/૧૦/૨૦૨૨

**પ્રસ્તાવના:**

ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશ દ્વારા ગુજરાતના ખેડૂતોના વીજળીને લગતા અગત્યના પડતર પ્રશ્નો બાબતે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવેલ. જે અન્વયે, રાજ્ય સરકાર દ્વારા રાજ્ય મંત્રી મંડળના સભ્યો, તથા સંબંધિત વિભાગોના અધિકારીશ્રીની ઉપસ્થિતિમાં ભારતીય કિસાન સંઘ દ્વારા તા.૦૩.૧૦.૨૦૨૨ અને તા.૦૪.૧૦.૨૦૨૨ના રોજ પડતર મુદ્દાઓ પરત્વે નિર્ણય કરવામાં આવેલ અને ખેડૂતોના પડતર પ્રશ્નોને અનુલક્ષીને સરકારશ્રી દ્વારા વિધેયાત્મક નિર્ણયો લેવા વિચારણા કરવામાં આવેલ.

તદઅન્વયે,ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ તેમના વંચાણે લીધા ક્રમાંક (૭) સામેના તારીખ ૨૯/૧૦/૨૦૨૨ના પત્રથી ખેતી વિષયક વીજ જોડાણોમાં વધારાનો વીજભાર વિનિયમિત કરવા અંગેની યોજના અમલમાં મુકવા માટેની દરખાસ્ત કરેલ.જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

ઉકત વિગતોએ પુખ્ત વિચારણાના અંતે ખેતી વિષયક વીજ જોડાણોમાં વધારાનો વીજભાર વિનિયમિત કરવા માટે " ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના-૨૦૨૨" અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે.આ યોજનાના ધારાધોરણો નીચે મુજબ છે.

- આ યોજના તા.૩૧.૦૩.૨૦૨૩ સુધી અમલી રહેશે.
- આ યોજના હયાત ખેતી વિષયક વીજ જોડાણ ધરાવતા દરેક કક્ષાના ગ્રાહકોને લાગુ પડશે.
- આ યોજનાનો લાભ લેવા ઈચ્છુક ગ્રાહકોએ નિયત નમૂનાના ફોર્મ જરૂરી દસ્તાવેજ સાથે અરજી નિયત સમયમર્યાદામાં કરવાની રહેશે.
- આ યોજના હેઠળ બે જ પ્રકારની અરજીઓ સુનિશ્ચિત કરવામાં આવેલ છે.

**પ્રકાર–અ:** વાસ્તવમાં કરારીત વીજ ભાર કરતા જોડેલ વીજ ભાર વધારે હોય અને તેઓ વીજ ભાર નિયમિત કરાવવા ઇચ્છુક હોય.

**પ્રકાર–બ:** પોતાનો વાસ્તવિક વીજ ભાર ખબર નથી અને વીજ ભાર ચકાસણી કરાવીને વિનિયમિત કરાવવો છે.

❖ **પ્રકાર – અ:**

1. ખેતી વિષયક વીજગ્રાહકે વીજ ભાર વધારો નિયમિત કરવા માટેની અરજી તથા એ–૧ ફોર્મ અને જરુરી સંલગ્ન દસ્તાવેજો સાથે સંલગ્ન/સંબંધિત સબડીવીઝન કચેરીએ કરવાની રહેશે. આ સબબના રજીસ્ટ્રેશન ચાર્જીસ(ગુજરાત વીજ નિયમન પંચ મુજબ) ગ્રાહકે ભરવાના રહેશે.
2. વીજ ભાર ચેક કરતી વખતે ગુજરાત વીજ નિયમન પંચની ગાઇડ લાઇન મુજબ એફીશીયન્સી ફેકટર ગણીને ખરેખર વીજભાર ગણવાનો રહેશે.
3. સર્વે કર્યા બાદ જો ચકાસણી કરેલ વીજ ભાર, જાહેર કરેલ વીજ ભાર કરતા વધારે હશે તો વીજ ગ્રાહકે સુધારેલ એ–૧ ફોર્મ આપવાનુ રહેશે.
4. સર્વે કર્યા બાદ વીજ કંપનીએ પ્રવર્તમાન ધારાધોરણ પ્રમાણે ગ્રાહકને નિયત ભાવપત્રક આપવાનું રહેશે.
5. નિયત ભાવપત્રક મળ્યાના એક માસમાં ગ્રાહકે નાણાં ભરપાઇ કરવાના રહેશે ત્યાર બાદ કોઈપણ સંજોગોમાં નાણાં ભરવા માટેની સમયમર્યાદા વધારી આપવામાં આવશે નહી. જો સમયમર્યાદામાં ગ્રાહક નાણાં ભરપાઇ ન કરે તો આ યોજનાનો લાભ મેળવી શકે નહી અને વીજ વિતરણ કંપનીએ નિયત થયેલ ધારાધોરણ મુજબ કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

❖ **પ્રકાર – બ:**

1. ખેતી વિષયક વીજગ્રાહકે વીજ ભાર ચકાસણી કરાવવા માટે નિયત થયેલ નમુનાના ફોર્મ અને નિયત થયેલ ફી રૂા. ૧૦૦/– સાથે સંબંધિત સબડીવીઝન કચેરીએ અરજી કરવાની રહેશે.
2. ગ્રાહકની અરજી મળ્યા તારીખથી સંબંધિત સબડીવીઝન કચેરીએ ૧૫ દિવસમાં વીજભાર ચેક કરવાનો રહેશે. જો ચકાસણી દરમીયાન કરારીત વીજ ભાર કરતાં વધારે વીજ ભાર જણાય તો સ્થળ ઉપર જ લેખિતમાં ગ્રાહકને નોટીસ આપી ગ્રાહક અને તેના પ્રતિનિધિની સહી/ અંગુઠો લેવાનો રહેશે.
3. વીજ ભાર ચેક કરતી વખતે ગુજરાત વીજ નિયમન પંચની ગાઇડ લાઇન મુજબ એફીશીયન્સી ફેકટર ગણીને ખરેખર વીજભાર ગણવાનો રહેશે.
4. (અ) ગ્રાહકનો જોડેલ વીજ ભાર કરારીત વીજ ભાર કરતાં વધારે હોય તો ગ્રાહકે વીજ ભાર વિનિયમિત કરાવવા માટે એ–૧ ફોર્મમાં જરૂરી દસ્તાવેજ સાથે રજીસ્ટ્રેશન ચાર્જીસ સંબંધિત કચેરીએ જમા કરાવવાના રહેશે. જો ગ્રાહક આમ ન કરે તો આ યોજનાનો લાભ મેળવી શકશે નહી અને વીજ વિતરણ કંપનીએ ધારા ધોરણ મુજબ કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

   અથવા

   (બ) વીજ ભાર ચેક કર્યા પછી વાસ્તવિક વીજ ભાર, કરારીત વીજ ભાર થી વધારે જણાય તો ગ્રાહકે વર્તમાન મોટી મોટરની જગ્યાએ કરારીત લોડ મુજબ નાની મોટર સ્થાપવાની રહેશે.નાની મોટર સ્થાપિત કર્યાની જાણ ગ્રાહકે લેખિતમાં ટેસ્ટ રીપોર્ટ સાથે સંબંધિત સબડીવીઝનને કરવાની રહેશે. ગ્રાહક તરફથી લેખિતમાં જાણ કરાયેથી સબડીવીઝન કચેરીએ વીજ ભાર ફરીથી ચેક કરવાનો રહેશે.
5. નિયત ભાવપત્રક ની રકમ ભરપાઇ થઈ ગયા બાદ ગ્રાહકે એગ્રીમેન્ટ કરી ટેસ્ટ રીપોર્ટ રજૂ કરવાનો રહેશે. ત્યાર બાદ વીજ વિતરણ કંપનીએ ટેકનીકલ અને સબંધિત રેકોર્ડ અંગેની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. આ કામગીરી પૂર્ણ થયા બાદ અરજીની તારીખથી વીજ ભાર વધારો મંજૂર રાખવાનો રહેશે.

૬. ગ્રાહકે વીજ ભાર વધારો વિનિયમિત કરવાની અરજી સાથે નીચે પ્રમાણે દસ્તાવેજો રજૂ કરવાના રહેશે.
(૧) એ–૧ ફોર્મ
(૨) ૭/૧૨ ના ઉતારા (છ માસ થી જુના નહીં)
(૩) છેલ્લા વીજ બીલની નકલ – વીજ બીલ ભર્યાની પહોંચ સાથે

૭. જે નામથી વીજ ભાર વધારો માંગવામા આવેલ હોય એ જ નામ ૭/૧૨ માં સંયુકત નામ સાથે હોય તો બાકીના ભાગીદારોનું એનઓસી માંગવું નહી, પરંતુ વીજ ભાર વધારો માંગનારનું નામ ૭/૧૨ માં ન હોય તો ગ્રાહકે વીજબીલમાં નામ બદલવાની કાર્યવાહી કરાવવાની રહેશે.

૮. જો ગ્રાહક પાસેથી વીજ વિતરણ કંપનીનું કોઇ પણ લેણું બાકી હશે, તો સદર યોજનાનો લાભ ગ્રાહક લઇ શકશે નહી. જો કે ગ્રાહક વીજ વિતરણ કંપનીનું લેણું પૂરેપૂરું ચૂકવી આપશે તો ગ્રાહક સાદર યોજનાનો લાભ લઇ શકશે અને વીજ ભાર વિનીયમિત કરવા માટે આ યોજના અંતર્ગત અરજી કરી શકશે, તદુપરાંત, જો ગ્રાહક અને વીજ વિતરણ કંપની વચ્ચે કંપનીના બાકી લેણા અંગે નામદાર કોર્ટમાં કેસ ચાલતો હશે તો સદર યોજનાનો લાભ લઇ શકશે નહી. જો કે ગ્રાહક વીજ વિતરણ કંપનીનું લેણું પૂરેપૂરું ચૂકવીને કોર્ટ કેસ પરત લઇ લેશે તો ગ્રાહક વીજ ભાર વિનીયમિત કરવા માટે આ યોજના અંતર્ગત અરજી કરી શકશે.

૯. ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના ૨૦૨૨ ના સમયગાળા દરમીયાન વીજ ભાર વધારવા માટે અરજી કરનાર કે વીજ ભાર ચકાસણી માટે અરજી કરનારને વધારે વીજ ભાર હોવાના કારણે પૂરવણી બીલ આપવાનું રહેશે નહી. પરંતુ જો ગ્રાહક દ્વારા જરૂરી કાર્યવાહી સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં ન આવે તો પુરવણી બીલ આપવાનું રહેશે. તદઉપરાંત જયાં સુધી અરજીની કાર્યવાહી વીજ વિતરણ કંપની કક્ષાએ બાકી હોય ત્યાં સુધી વધારે વીજ ભાર હોવાના કારણે પૂરવણી બીલ ગ્રાહકને આપવાનું રહેશે નહી.

૧૦. વીજ મીટર વાળા ગ્રાહકોને ત્યાં મીટરમાં નોંધાયેલ મહત્તમ વીજ ભાર (M.D.) ચેકીંગ શીટમાં દર્શાવવાનો રહેશે અને તેને એફીશીયન્સી ફેક્ટર સાથે ગણતરીમાં લઇ, લોડ વધારાની અરજી માટે ધ્યાને લેવાની રહેશે.

૧૧. એક જ પોઇન્ટ ઓફ સપ્લાય પરથી ગ્રાહક બે વીજ મોટર વાપરતો હોય તો ગ્રાહકે વીજ ભાર વધારા સાથે બે મોટર વાપરવાની મંજૂરી અલગથી મેળવવાની રહેશે.

૧૨. ખેતી વિષયક વીજ ભાર વધારા યોજના–૨૦૨૨ માટેની કાર્યવાહીના રજીસ્ટર અલગથી બનાવવાના રહેશે અને એ મુજબની ટેકનીકલ અને વહીવટી કામગીરી SOP પ્રમાણે કરવાની રહેશે.

૧૩. ભૂતકાળમાં આખરી થઇ ગયેલ કેસોની આ યોજના હેઠળ સમિક્ષા થઈ શકશે નહી. આ યોજના આ ઠરાવની તારીખ બાદ જ લાગુ પડશે.

૧૪. કોઇ કિસ્સામાં આ યોજના હેઠળ પાત્રતા બાબતે કે અન્ય કોઈ બાબતે સમસ્યા ઉપસ્થિત થાય તો જે તે વીજ વિતરણ કંપનીના મેનેજીંગ ડીરેકટરનો નિર્ણય આખરી રહેશે જે અરજદારે માન્ય રાખવો પડશે.

૧૫. આ યોજના અંતર્ગત, યોજના ચાલુ થયેથી પૂરી થાય તે સમયગાળા દરમ્યાન, ગ્રાહકોની સગવડ માટે, દરેક વીજ વિતરણ કંપની ખાતે એક મધ્યસ્થ કોલ સેન્ટરની સુવિધા ઉભી કરવાની રહેશે. જે માટે હાલમાં કાર્યરત ''ગ્રાહક સુવિધા કેન્દ્ર'' અથવા ''કસ્ટમર કેર સેન્ટર''ની મદદ પણ લઇ શકાશે. આ સુવિધા દ્વારા ગ્રાહક ફોન દ્વારા કોલ સેન્ટરનો સંપર્ક સાધી તેના ગ્રાહક નંબર તથા મોબાઇલ નંબર જણાવશે, ત્યારબાદ કોલ સેન્ટર દ્વારા આ વિગત જે–તે સંલગ્ન પેટા વિભાગીય કચેરીને મોકલી આપવાની રહેશે અને જે–તે પેટાવિભાગીય કચેરીએ ઉપલબ્ધ વિગત મુજબના ગ્રાહકોનો રૂબરૂ સંપર્ક કરી આ યોજનાના ધારાધોરણ મુજબની આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૧૬.આ હુકમો, વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તારીખ **૨૦/૦૧/૨૦૨૩**ની નોંધથી મળેલ સંમતિ થી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એચ.જી.ચૌહાણ)**
**સરકારના ઉપ સચિવશ્રી**
**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ.**

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગતસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
-
- માન. ઉર્જામંત્રીશ્રીનાં અંગતસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
-
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મેનેર્જીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેર્જીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- મેનેર્જીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સૂરત
- મેનેર્જીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેર્જીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- શાખા સીલેક્ટ ફાઇલ